અપને મન કા હો તો અચ્છા હૈ ના હો તો ઔર ભી અચ્છા હૈ

મિસ ઈન્ડિયા, મોડેલ, અદાકારા, એજ્યુકેટર, ટ્રેનર અને સમાજ સેવક સ્વરૂપ સંપટ સાથે ટૂંકી મુલાકાત

(કુંતલ નિમાવત દ્વારા) ગાંધીનગર, તા. ૨૩

'અપને મન કા હો તો અચ્છા હૈ ઔર ના હો તો ઔર ભી અચ્છા હૈ.'

મિસ ઈન્ડિયા, મૉડેલ, અદાકારા, ઍજ્યુકેટર, ટ્રેનર અને સમાજસેવક સ્વરૂપ સંપટ દ્વારા આજે ગાંધીનગર ખાતે હરિવંશરાય બચ્ચન દ્વારા લિખિત આ પંક્તિઓનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના એકમ ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રૉટકેશન સોસાયટીના ઉપક્રમે બાળકોના ન્યાય અને સામાજિક ઉત્થાનનાં ક્ષેત્રોમાં કાર્ય કરી રહેલી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારના ટ્રેનર્સને તાલીમ આપવા માટે સ્વરૂપજી ગત તા. ૧૯થી ગાંધીનગરમાં છે, ૨૬ સુધી. ઈન્ફોસિટી ક્લબ ઍન્ડ રિસોર્ટ્સ ખાતે આજના તાલીમ કાર્યક્રમ બાદ ગાંધીનગર સમાચાર સાથેની એક ટૂંકી મુલાકાતમાં એમણે વાચકોને સંદેશો આપતાં શીર્ષક પંક્તિઓનું ઉચ્ચારણ કર્યું હતું.

આ પંક્તિઓનો અર્થ સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે 'વો કહેતે હૈં ના કિ કભી કીસી કો મુકમ્મલ જહાં નહીં મિલતા...આપણને આપણી ઈચ્છા મુજબનું મળે તો સારું અને ન મળે તો વધારે સારું. એટલા માટે કે ઉપરવાળો બરાબર જાણે છે કે આપણા માટે શું સારું છે.'

અમારા વાચકોને શું સંદેશ આપવા માગો છો? એવા સવાલના જવાબમાં એમણે જણાવ્યું હતું કે 'તમે કોઈપણ ક્ષેત્રમાં કામ કરો તો ખુશ થઈને કામ કરો એ જરૂરી છે. કારણ કે ખુશીથી જ હકારાત્મકતા આવે છે અને હકારાત્મકતાથી જ સફળતા મળે છે. તમે નકારાત્મક વલણ ધરાવશો તો કોઈ ક્ષેત્રમાં આગળ ડગ જ નહીં માંડી શકો એટલે ત્યાં સફળતા મળવાની જ નથી. સફળતા તમને હકારાત્મકતા જ અપાવી શકશે.'

વાચકો એ બાબતથી અવગત હશે કે સ્વરૂપજી ૧૯૭૯માં મિસ ઈન્ડિયાનો ખિતાબ જીતી ચૂક્યા છે અને મિસ યુનિવર્સ સ્પર્ધા માટે ભારતનું પ્રતિનિધિત્વ પણ કરી ચૂક્યા છે. દૂરદર્શનની ખ્યાત ટીવી શ્રેણી 'યે જો હૈ જિન્દગી'એ એમને અદાકારા તરીકે ઘણી સફળતા અપાવી હતી. એ પછી એમણે જાહેરખબરો માટે મોડેલીંગ કર્યું હતું અને હિમ્મતવાલા, નરમ ગરમ, સાથિયા, ત્રિકોન કા ચૌતા કોન, બહુ કી આવાઝ, કરમદાતા જેવી ફિલ્મોમાં પણ પોતાનું અભિનય કૌશલ દાખવ્યું હતું. એમણે પીએચડીની ડિગ્રી પણ પ્રાપ્ત કરી અને સમાજસેવાના ક્ષેત્રમાં પણ ઝુકાવીને આ ક્ષેત્રમાંય પ્રતિષ્ઠિત નામ કર્યું, હાલ પણ આ ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યાં છે. બાળકોના શૈક્ષણિક કાર્યક્રમોના હેડ તરીકે ગુજરાત સરકારે તેમને ૨૦૦૮માં નિયુક્તિ આપી છે, સેવ ધ ચિલ્ડ્રન સાથે તેઓ ૨૦૧૧થી સંકળાયેલાં છે અને ચાલુ વર્ષથી યુનિસેફ સાથે પણ તેઓ સંકળાયાં છે.

એક સફળ સ્ત્રી - બધાં જ ક્ષેત્રોમાં સફળ હોય છે ને એ એકસાથે ઘણાં ક્ષેત્રોને પોતાનું યોગદાન આપી શકે છે એ બાબતનો જીવંત પુરાવો એટલે સ્વરૂપજી. અભિનેતા પરેશ રાવલનાં પત્ની તરીકે ઓછું અને પોતાના શિક્ષણ, તાલીમ, સમાજસેવા, અભિનય વગેરે કૌશલોને કારણે વધુ જાણીતા સ્વરૂપજીને જ્યારે સવાલ કરવામાં આવ્યો કે, 'આપને ઘણાં ક્ષેત્રોમાં કાર્ય કરવાનો અનુભવ છે; આટલાં બધાં ક્ષેત્રોમાં એક સ્ત્રી કેવી રીતે કાર્ય કરી શકે?' તો એમણે જવાબમાં જણાવ્યું કે, 'શા માટે ન કરી શકે? જ્યારે કોઈપણ વ્યક્તિ પોતાની ૧૦૦ ટકા શક્તિઓ પોતાના કાર્યમાં લગાવે તો એ ચોક્કસ સફળ થઈ શકે છે; એ વ્યક્તિ પછી સ્ત્રી જ કેમ ન હોય? સવાલ છે માત્ર પોતાની ૧૦૦ ટકા શક્તિઓને એ કામમાં જોતરી દેવાનો.'

'આપને બ્યુટી કોન્ટેસ્ટથી માંડીને, મૉડેલીંગ, ઍક્ટીંગ, ઍજ્યુકેશન અને સમાજસેવા જેવાં વિભિન્ન ક્ષેત્રોનો અનુભવ છે. આપની પસંદગીનું ક્ષેત્ર આમાંથી કયું? અથવા આ ક્ષેત્રો પૈકી પસંદગીનો અનુક્રમ આપવાનો થાય તો તમે કયું ક્ષેત્ર પહેલું મૂકો?'

'એ હું કહી શકું એમ નથી. કારણ કે બધાં જ ક્ષેત્રો મને પસંદ છે અને એ મને પસંદ છે એટલે જ મેં એમાં કાર્ય કર્યું છે, કરી રહી છું. કોઈ એક કે વધુ ક્ષેત્રને હું મારા વ્યક્તિત્વમાંથી અલગ ન કરી શકું. મારાં આ બધાં ક્ષેત્રો મળીને જ મને પૂર્ણ કરે છે, એ બધાંથી જ મારું સંપૂર્ણ વ્યક્તિત્વ સ્પષ્ટ થાય છે.'

● અનુસંધાન પાન-૭ પર

સે-૧૬માં નબળી કેટેગરીમાં આવતાં 'છ' ટાઈપનાં મકાનો ખાલી કરાવાયા

ચોમાસામાં સલામતીની દૃષ્ટિએ આવાસો જોખમી હોવાની સંભાવના

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં સ્થિત સરકારી આવાસો દિન પ્રતિદિન બિસ્માર બનતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આવાસ મજબૂતીકરણના અભિયાન બાદ પણ સેક્ટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના આવાસો પૈકી કેટલાક પુઅર કેટેગરીમાં આવતા હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૧૬માં પણ સલામતીની દૃષ્ટિએ જોખમી માલુમ પડેલા 'છ' ટાઈપ કક્ષાના ૭ જેટલા મકાનો તંત્ર દ્વારા ખાલી કરાવી દેવાયા છે.

શહેરમાં વિવિધ કેટેગરીના અંદાજિત ૧૬ હજારથી પણ વધુ સરકારી મકાનો છે. જ્યારે દાયકાઓના અંતે તંત્ર દ્વારા તબક્કાવાર આવાસોના મજબૂતીકરણનું કામ હાથ ધરાયું છે. આ મામલે અગાઉ તંત્ર દ્વારા આવાસોની સ્થિતિ ચકાસવા સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. ગુડ, વેરીગુડ, એક્સલન્સ અને પુઅર તેમ ચાર કેટેગરીમાં આવાસોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જો કે આ દરમિયાન શહેરમાં એક પણ ભયજનક મકાન ન હોવાનું પણ તંત્રએ જણાવ્યું હતું. આમ છતાં જાળવણીના અભાવે આવાસોની સલામતી સામે અનેક પ્રશ્નો મંડરાય તેવા કિસ્સા અનેકવાર પ્રકાશમાં આવે છે. મોટામસ પોપડા અને છત પડવાના બનાવો દરમિયાન વસાહતીઓની સલામતી પણ જોખમાઈ હોવાનો આક્રોશ પણ આમ નાગરિકોમાં ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે ચોમાસા દરમિયાન સલામતીની દૃષ્ટિએ પ્રાથમિક તબક્કે જોખમી મકાનો પણ તંત્ર દ્વારા ખાલી કરાવી દેવાયા છે. સે-૧૬માં પણ અંદાજિત 'છ' ટાઈપના ૭ જેટલા મકાનો ખાલી કરાવી દેવાયા હોવાનું ધ્યાને આવ્યું છે.

જેણે માર્ગ બાંધ્યો હશે તેણે બે વર્ષ સુધી સતત મેઈન્ટેઈન કરવો પડશે

બ્રીજનું બાંધકામ કર્યા પછી પાંચ વર્ષ સુધીનું બંધન

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૩

સમગ્ર દેશમાં એકવાર માર્ગ કે બ્રીજ બની ગયા પછી તેની મરામતની જવાબદારી હંમેશા સરકાર ઉપાડતી હોય છે પરંતુ હવે કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા માર્ગો અને પૂલોની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરોના ઉપર ઢોળી દેવામાં આવતા કામોની ગુણવત્તા જળવાઈ રહેશે તેવો દાવો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય કેબિનેટે લીધેલા નિર્ણયનો અમલ અન્ય રાજ્યોની સાથે ગુજરાતે પણ કરવો પડશે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે હવે નવા માર્ગો, પૂલ કે બ્રીજ બને ત્યારે કોન્ટ્રાક્ટરની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેમાં માર્ગ માટે બે વર્ષ અને પૂલ કે બ્રીજ માટે પાંચ વર્ષની મરામતની જવાબદારીની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્રના આદેશ પ્રમાણે હવે જવાબદારી નક્કી કરવામાં આવી છે તેથી કોન્ટ્રાક્ટરો માલસામાનની ખરીદીમાં કંજૂસાઈ કરશે નહીં, કારણ કે હલકું મટીરિયલ્સ વાપરશે તો તેણે મેઈનટેનન્સ ભોગવવાનું છે.

સૂત્રોએ કહ્યું હતું કે પ્રથમ રાષ્ટ્રીય ધોરીમાર્ગોના બાંધકામમાં આ નિયમો લાગુ પડશે ત્યારબાદ તમામ માર્ગો માટે આ નિયમો લાગુ કરવામાં આવશે. વિશ્વભરમાં ભારત બીજા નંબરનું સૌથી મોટું રોડ નેટવર્ક ધરાવે છે જે ૪.૨ મિલીયન કિલોમીટર છે. માર્ગોની જાળવણી માટે કોન્ટ્રાક્ટરને પ્રથમ વર્ષે કોન્ટ્રાક્ટ ભાવના દોઢ ટકા તથા બીજા વર્ષે બે ટકા ચૂકવાશે, માર્ગ કે બ્રીજનું બાંધકામ પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટરો જાળવણી કરે તે માટે નિશ્ચિત રકમ કેન્દ્ર સરકાર જમા રાખશે.

વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટા બાદ વરસાદની હાથતાળી

મેઘરાજા મન મુકીને ન વરસ્યા, ઝાપટા બાદ બાફ ફેલાયો



ગાંધીનગર, તા. ૨૩

આકાશમાં અંગડાઈ લેતા વાદળો મનમુકીને ન વરસતા વાતાવરણમાં ભેજની સાથે ઉકળાટનું પ્રમાણ વધ્યું છે. આજે બપોરે પણ નભમાં નિખરતાં વરસાદી વાદળો માત્ર ઝાપટુ વરસાવી વિખેરાઈ ગયા હતા. વરસાદ ફરી એકવાર હાથતાળી આપી અદશ્ય થઈ ગયો હતો.

જિલ્લામાં અત્યાર સુધી સીઝનનો ૨૯૮ મી.મી. વરસાદ નોંધાયો છે. ચોમાસાના પ્રારંભિક તબક્કે વરસાદની ગેરહાજરી વચ્ચે ઉઘાડનું જોર પ્રબળ બનતા ખેતપાકોને અનુલક્ષી ખેડૂતો વાવણીલાયક વરસાદની રાહ જોતા આખરે વરસાદે હાજરી પુરાવતા ખેતપાકોને જીવતદાન મળ્યું હતું. પરંતુ છેલ્લા ઘણા સમયથી મેહુલિયો મનમુકીને ન વરસતા વાતાવરણમાં ઉકળાટનું પ્રમાણ વધ્યું છે. રોજબરોજ આકાશમાં ઘેરાવો લેતા ઘનઘોર વાદળો વિખેરાઈ જતા વરસાદની આશા ઠગારી નિવડી છે. આજે પણ વરસાદી વાદળો ઝાપટુ વરસાવી અદશ્ય થઈ ગયા હતા. બપોરના સમયે વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. મેઘરાજાના આક્રમક આગમનથી ગરમીથી ત્રસ્ત નગરજનો પણ બે ઘડી ખુશહાલ જોવા મળ્યા હતા પરંતુ આંખના પલકારામાં વરસી ગયેલા ઝાપટા બાદ અચાનક ઉઘાડ નિકળ્યો હતો. વાતાવરણમાં બાફનું પ્રમાણ વધતા નગરજનો તોબા પોકારી ગયા હતા. જિલ્લામાં અત્યારસુધી સીઝનનો ૧૨ ઈંચ વરસાદ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આખા દિવસ દરમ્યાન ૩ મી.મી. પાણી ટપક્યું હતું.

બેફામ ભાડું વસૂલતા રીક્ષા ચાલકોએ હવે દંડ ભરવો પડશે

શહેરમાં પાંચ સ્થળોએ મીટર પ્રમાણે ભાડું દર્શાવતાં બોર્ડ મુકાયા

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં રીક્ષાભાડાના દર નિયત કરાયા હોવા છતાં રીક્ષાચાલકો મુસાફરો પાસેથી બેફામ ભાડા વસુલતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્‌ભવી છે. મીટર વગર દોડતી રીક્ષાઓને અનુલક્ષી જિલ્લા ટ્રાફીક તંત્રએ હવે કડક વલણ અપનાવ્યું છે. પોલીસ દ્વારા આ મામલે શહેરમાં પાંચ સ્થળોએ મીટર પ્રમાણે ભાડુ દર્શાવતા બોર્ડ મુકી દેવાયા છે. જ્યારે ભાડા વસુલી અન્વયે નિયમોનું પાલન કરે તેવા કિસ્સામાં ટ્રાફિક પોલીસ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરશે.

ચાર દાયકાના અંતે પણ પાટનગરમાં રીક્ષા સ્ટેન્ડનો મામલો હજુ થાળે પડ્યો નથી જ્યારે રીક્ષાચાલકો પણ આમ નાગરિકો પાસેથી મનસ્વી રીતે ભાડાની વસુલાત કરતા હોવાની વ્યાપક ફરિયાદો રોષનું કારણ બની છે. રીક્ષાચાલકો દ્વારા મીટર મુજબ ભાડુ વસુલવાની બદલે બેફામ પૈસા પડાવાતા હોવાની

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર શહેરમાં મેલેરિયા વિરોધી કામગીરી સઘન બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વધતા જતા મેલેરિયાના કેસોને ધ્યાને રાખી મેલેરિયા વિરોધી કામગીરીને વધુ સઘન બનાવવા અંગેનો નિર્ણય આજે એક ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો છે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્યે જણાવ્યુ છે કે શહેર અને જિલ્લામાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને જે સ્થિતિ અખબારી અહેવાલોમાં છે તેવી સ્ફોટક સ્થિતિ છે નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે આજે તેમના નેતૃત્વમાં જિલ્લાની એક ટીમ જેમાં મેલેરિયા અધિકારી, મેડીકલ ઓફિસર, ગાંધીનગર મહાનગરપાલિકા સહિતના અધિકારીઓની ટીમે શહેરના જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી છે.

શ્રી વૈદ્યે જણાવ્યુ હતુ કે આ ટીમે આજે ગાંધીનગર મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણની અધ્યક્ષતામાં લેવામાં આવી રહેલાં પગલાંઓની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં શહેરની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને વધુ સઘન બનાવવા પર કમિશનરશ્રીએ પણ ભાર મુક્યો હતો.

તેમણે કહ્યુ હતુ કે આ ટીમે મેડિકલ કોલેજના ડીન ડૉ. વ્યાસ સાથે પણ અલગથી બેઠક કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે ટીમે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં મેડીકલ કોલેજની સાઈટ ઉપરાંત ગિફ્ટસીટી તેમજ એસ.ટી. ડેપોના વર્કશોપ સહિત ત્રણથી ચાર સ્થળોની મુલાકાત લીધી છે. શ્રી વૈદ્યે જણાવ્યુ હતુ કે એસ.ટી. ડેપોમાં પણ નકામા ટાયરોને દૂર કરવા જણાવાયુ છે.

તેમણે એવો આડકતરો એકરાર કર્યો હતો કે છુટા છવાયા થોડાક મચ્છરોના બ્રિડીંગ એકાદ-બે સ્થળે તપાસ દરમ્યાન મળી આવ્યા હતા પરંતુ તે માટે જરૂરી સૂચનાઓ આપી અને કેવી કાળજી લેવી તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે.

શ્રી વૈદ્યે જણાવ્યુ હતુ કે કેસોની સંખ્યામાં વધારો થયો છે તે વાત સાચી પણ આ અંગે સતત પલ્ટાતુ જતુ વાતાવરણ અને ઘણી બધી બાબતો જવાબદાર છે. આ માટે તેમણે તંત્રને સહયોગ આપવા અપીલ કરી જણાવ્યું છે કે પાણીનો ભરાવો ના થાય તે જોવા ખાસ આગ્રહ કર્યો છે.



જોઈએ છે

સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.

૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

૧) ડ્રાયવર કમ પ્યૂન : ધોરણ-૮ થી વધુ ભણેલ.
૨) સેલ્સ ગર્લ : લેડીઝ ગારમેન્ટ શૉ-રૂમ માટે.
૩) પ્યૂન : ધોરણ-૮થી વધુ ભણેલ.

બાયોડેટા સાથે રૂબરૂ મળો.

તા. ૨૭/૮/૨૦૧૨, સોમવાર ● સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

TMT BARS - ISI
TATA
ashirvad C. PVC, UPVC
KISAN

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com